જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । ગુરુવાર । તા. ૦૪-૦૪-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૨૦ । છૂટક નકલ : 3 રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

કોંગ્રેસના ઘોષણાપત્ર પર મોદીનો પ્રહાર,કોંગ્રેસનો હાથ દેશદ્રોહીઓની સાથે છે

કોંગ્રેસનો ચૂંટણી ઢંઢેરો ભ્રષ્ટ અને છળકપટ સમાન છે: મોદી

એક તરફ આતંકને જવાબ આપનારી સરકાર,બીજી તરફ આતંકવાદીઓના પક્ષકાર,કોંગ્રેસે ક્યારેય વાયદાઓ પૂરા નથી કર્યા,કોઈ પણ પરિસ્થિતિ હોય ચોકીદાર ચોકી કરતા પણ કહે છે જાગતે રહો

ઈટાનગર

લોકસભા ચૂંટણી ૨૦૧૯ને લઈને પીએમ મોદી બીજેપીને જીત અપાવવા માટે સતત રેલીઓ કરી રહ્યા છે. બુધવારે અરુણાચલ પ્રદેશમાં મોદીએ કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરા પર જોરદાર હુમલો કર્યો. મોદીએ કહ્યું કે કોંગ્રેસનું ઘોષણાપત્ર તો ઢકોસલાપત્ર (છળકપટ પત્ર) છે. તેઓએ વધુમાં કહ્યું કે, કોંગ્રેસે ક્યારેય વાયદાઓ પૂરા નથી કર્યા. રેલીમાં તેઓએ કહ્યું કે વર્ષો સુધી કોંગ્રેસની સરકાર રહી, પરંતુ અહીં વિકાસના કામ નથી થયા. અમે પાંચ વર્ષ દરમિયાન અનેક વિકાસના કામ કર્યા, પરંતુ અમારે હજુ પણ કામ કરવાની જરૂર છે.

પીએમ મોદીએ અરૂણાચલની રેલીમાં કહ્યું કે, ઈટાનગર અને દિલ્હીમાં વિકાસનું ડબલ એન્જિન આપ સૌ લોકો છો. તેનું જ પરિણામ છે કે આજે વિકાસના નવા રસ્તે અરુણાચલ ચાલી પડ્યું છે. જે લોકોએ ૭૦ વર્ષ સુધી રાજ કર્યું, એક પરિવારે ૫૫ વર્ષ સુધી રાજ કર્યું, તેમ છતાંય કોઈ દાવો ન કરી શકે કે તેઓએ હિન્દુસ્તાનના તમામ કામ પૂરા



કર્યા છે. મને તો પાંચ વર્ષ પણ થવાના બાકી છે, હું એવો તો દાવો ન કરી શકું કે મેં તમામ દાવા પૂરા કર્યા છે, હું દરેક પડકારોનો સામનો કરનારો માણસ છું. મુશ્કેલથી મુશ્કેલ કામ હાથમાં લેવાની તૈયારી રાખું છું. જે કામ હાથમાં લઉં



છું, તેને પૂરું કરવા માટે જીવ લગાડી દઉં છું.

કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરા પર પીએમ મોદીએ કહ્યું કે એક તરફ ઈરાદાઓ વાળી સરકાર છે અને બીજી તરફ માત્ર અને માત્ર જૂઠા વાયદાઓ વાળા નામદાર છે. આ લોકોની જેમ જ તેમનો ચૂંટણી ઢંઢેરો પણ ભ્રષ્ટ હોય છે, છળકપટ સમાન છે. તેઓએ કહ્યું કે ઠંડી-ગરમી, વરસાદ, કોઈપણ હવામાન હોય, કોઈ પણ પરિસ્થિતિ હોય, ચોકીદાર ચોકી કરતાં પણ કહે છે-જાગતે રહો. તેથી આપનો આ ચોકીદાર પણ આપને જાગતે રહો કહી રહ્યો છે. તેમના ભ્રષ્ટ વાયદાઓથી આપને ચેતવી રહ્યો છું.

વડાપ્રધાને જણાવ્યું કે અમે અમારા કાર્યકાળમાં દેશના દરેક ઘરમાં વીજળી પહોંચાડવાનું કામ કર્યું છે. આ માટે અમે ૧૮ હજાર ગામો અને ૩ કરોડ પરિવારોને પ્રકાશવલિત કર્યા. કોંગ્રેસે આ વચન ૨૦૦૪માં આપ્યું હતું, પરંતુ ૨૦૧૪ સુધી તે પૂર્ણ ના કર્યું. વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે, 'કોંગ્રેસે ૨૦૦૯ સુધીમાં દરેક ઘરમાં વીજળી આપવાનું વચન આપ્યું હતું. આ માટે કાર્યક્રમ પણ જાહેર કર્યો હતો પરંતુ હું આવ્યો ત્યાં સુધી અંધારપટ છવાયેલો હતો.' કોંગ્રેસને આડેહાથ લેતા મોદીએ જનસભામાં મૈં ભી ચોકીદાર, સારા દેશ ચોકીદારના સૂત્રો લલકાર્યા હતા.

ભાજપાની ૧૬મી યાદી જાહેર, રાયબરેલીમાં સોનિયા ગાંધી વિરુદ્ધ દિનેશ પ્રતાપ



ન્યુ દિલ્હી

ભાજપે લોકસભાની ચૂંટણી માટે વધુ ૬ ઉમેદવારોની યાદી જાહેર કરી છે. ભાજપની આ નવી યાદીમાં કુલ છ ઉમેદવારોના નામ શામેલ છે, જેમાં પાંચ ઉમેદવારો ઉત્તર પ્રદેશ અને એક ઉમેદવર મહારાષ્ટ્રથી છે. આ યાદીમાં આ વખતની હાઈપ્રોફાઈલ એવી આઝમગઢ, મૈનપુરી અને રાયબરેલી બેઠકો પર ઉમેદવારો જાહેર કરવામાં આવ્યા છે. આ યાદીમાં આઝમગઢથી ભોજપુરી ફિલ્મ સ્ટાર દિનેશ લાલ યાદવ એટલે કે 'નિરહુઆ'ને ટિકિટ આપવામાં આવી છે. નિરહુઆની ટક્કર સમાજવાદી પાર્ટી અધ્યક્ષ અખિલેશ યાદવ સામે થશે. કોંગ્રેસના દિગ્ગજ નેતા સોનિયા ગાંધી સામે દિનેશ પ્રતાપ સિંહને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. દિનેશ પ્રતાપ સિંહ તાજીતરમાં જ કોંગ્રેસને અલવિદા કરી ભાજપમાં શામેલ થયા છે. તો મેનપુરીથી સમાજવાદી પાર્ટીના સંરક્ષક મુલાયમ સિંહ યાદવની સામે ભાજપે પ્રેમ સિંહ શાક્યને ટિકિટ આપી છે.

કોંગ્રેસનું ઘોષણા પત્ર પર માયાવતીના પ્રહાર: માત્ર દેખાડો અને છેતરપિંડી

લખનૌ

બસપા સુપ્રીમો માયાવતીએ કોંગ્રેસ પાર્ટી પર નિશાન સાધતા લોકસભા ચૂંટણી ઘોષણા પત્રને ખોટુ અને છેતરપીંડીવાળુ ગણાવ્યું છે. માયાવતીએ કોંગ્રેસની સાથે સાથે ભાજપ પર પણ નિવેદન આપ્યું અને ભાજપના નેતાઓ પર જાતીવાદી અને અનિયંત્રિત નિવેદનનો આરોપ લગાવ્યો છે. બસપા નેતાએ બુધવારે તેમના ટ્વિટમાં કહ્યું કે, લોકસભા ચૂંટણી માટે કોંગ્રેસનું ઘોષણા પત્ર પૂર્વ તેમના વાયદાઓ જે દેખાવો અને છેતરપીંડી વધારે લાગે છે. કોંગ્રેસની સતત વાયદા વિરૂદ્ધનું પરિણામ છે કે તેના વાયદાઓ પ્રતિ જનતાને વિશ્વાસ નથી. આમ તો આ મામલે કોંગ્રેસ અને ભાજપમાં કોઈ વધારે ફર્ક નથી. તેમણે તેમના બીજા ટ્વિટમાં કહ્યું કે, ભાજપના નેતા બસાપ-સપા-આરએલડીના હાથે હારના ડરથી એટલા ભયભિત છે કે તેઓ મદ્દાની જગ્યાએ ગઠબંધન અને તેના મુખ્ય નેતાઓની સામે જાતિવાદી તથા અનિયંત્રિત નિવેદન કરી રહ્યાં છે. તેમની ઉશ્કેરણીમાં આવવાનું નથી અને ચૂંટણીમાં સારૂ રિઝલ્ટ દેખાડી તેમને મૂહતોડ જવાબ આપવાનો છે. એક અન્ય ટ્વિટમાં તેમણે કહ્યું કે, 'ભાજપનું કહેવું અને કરવું સામાન્ય જનતાના વિચાર, સમજ અને તેમની માગથી એકદમ અલગ હોવાનું પરિણામ છે કે પીએમ શ્રી મોદી ૫ વર્ષોના લેખા-જોખા દેખાડવાના વાયદા નિભાવવાની જગ્યાએ માત્ર બંદૂક-તોપ, ગોળી-ગોળા, ચીન-પાકિસ્તાન વગેર વાતો કરી તેમની જવાબદારીથી ભાગવાનો પ્રયાસ કરી રહ્યાં છે. અંતઃ નો મોર મોદી સરકારનો શોર છે.

પ.બંગાળમાં જાહેરસભાને સંબોધતા વડાપ્રધાને મમતા બેનર્જી સરકારની ઝાટકણી કાઢી

બંગાળના વિકાસની આડે સ્પીડ બ્રેકર બનેલ દીદીને ઉખાડી ફેંકો: મોદી

બાલાકોટ વિશે મોદીએ મમતા પર પ્રહાર કર્યાં, કહ્યું- આતંકીઓના મરવાથી દીદીને દર્દ થયું

સિલિગુડી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી પર પ્રહાર કરતા જણાવ્યું કે બંગાળના વિકાસની આડે 'સ્પીડ બ્રેકર દીદી' ઊભા છે. તૃણમૂલ કોંગ્રેસના અધ્યક્ષ મમતા બેનર્જીની તુલના રસ્તા વચ્ચેના અવરોધ તરીકે કરીને મોદીએ લોકોને આ અવરોધ દૂર કરવા આહ્વાન કર્યું હતું. વડાપ્રધાન મોદી સિલિગુડીમાં જાહેરસભાને સંબોધી હતી. આજે કોલકાતામાં વડાપ્રધાનની રેલી બાદ મમતા બેનર્જી પણ રેલીને સંબોધશે. હવે મમતા બેનર્જી મોદીના પ્રહારો પર કેવો પલટવાર કરે છે તો જવું રહેશે.

'અન્ય રાજયોમાં જે ગતિએ વિકાસ થયો છે તેટલી ઝડપે બંગાળમાં નથી થયો. આ રાજયમાં સ્પીડ બ્રેકર છે જેને દીદી તરીકે ઓળખવામાં આવે છે,' તેમ મોદીએ ટોણો મારતા જણાવ્યું હતું. મોદીએ જાહેરસભામાં જણાવ્યું કે, ૨૦૨૧માં પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણી યોજાશે અને ભાજપના નેતાઓ જાહેરસભામાં જણાવી રહ્યા છે કે ૨૦૧૯ની લોકસભા ચૂંટણીથી તૃણમૂલના પતનનો આરંભ થશે. મોદીએ દીદી પર પ્રહાર કરતા જણાવ્યું કે, તેઓ ગરીબોની દરકાર નથી લેતા. જો ગરીબી નાબૂદ થશે તો તેમના રાજકારણનો પણ અંત આવશે. આ જ હકિકત સીપીઆઈ(એમ)ને પણ લાગુ પડે છે. વડાપ્રધાને દીદીને પોન્ઝી સ્કીમમાં સામેલ હોવાનો આક્ષેપ કર્યો હતો અને જણાવ્યું કે લોકોની પરસેવાની કમાણી આ લોકો લઈને ભાગી ગયા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આયુષ્માન ભારત યોજનામાં નહીં જોડાવવા બદલ મમતા સરકારની ઝાટકણી કાઢી હતી. આ ઉપરાંત વડાપ્રધાન કિસાન સમ્માન યોજના અને રાજ્યમાં રિયલ એસ્ટેટ રેગ્યુલેશન એક્ટ લાગુ નહીં કરવા બદલે મમતા બેનર્જી સરકારની ટીકા કરી હતી.

સિલિગુડીની રેલીમાં પીએમ મોદીએ કહ્યું કે, ખૂબ અડચણો પછી પણ તમારો આ ચોકીદાર પશ્ચિમ બંગાળ માટે સતત વિકાસના કાર્યો કરી રહ્યો છે. તમારો આ ચા વાળો અહીં ચાના બગીચામાં કામ કરતાં લોકો માટે સંપૂર્ણ રીતે સમર્પિત છે. પીએમ મોદીએ કહ્યું, બાલાકોટમાં બદલો લઈને આપણા જવાન પરત આવ્યા તો રડવું બીજા કોઈકે જોઈએ અને રડી બીજુ કોઈક રહ્યું છે.

સેલ્સ ઓફિસર જોઇએ છે

MARKET 4U™

MARKET 4U કંપનીને ગુજરાતના તમામ શહેરો માટે અનુભવી સેલ્સ ઓફિસર જોઇએ છે.

કોમ્પ્યુટર જ્ઞાન તેમજ વાહન હોવું જરૂરી.

પગાર અનુભવ અને લાયકાત મુજબ

Mo. 75750 06847

Email : market4u19@gmail.com

MARKET 4U™

ISO 9001:2015 Certified company

REG. OFFICE: 13 PRITAM SOCIETY VIBHAG 1, KASAK, BHARUCH.392002

Mo. No. : 7575006847

• Email : market4u19@gmail.com

• Website : www.market4u.in

• GST NO : 24ABDPZ8422D1ZN

તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.

આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા

અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો

માત્ર રૂપિયા ૬૦૦૦/-

સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા

અન્યને સમજાવો તો વધારાની આવક પણ ખરી જ. તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત

Celebrate Women's Day

Try your Luck...

01 Visit Our Clinic

02 Pick up a Chit & Get Treatment Absolutely FREE

03 Get Gift Voucher worth ₹ 5000

ONLY ON : 05 - 06 - 07 MARCH 2019

AVAILABLE TREATMENTS

• HOMEOPATHY • HAIR • COSMETIC • LASER • DIETITIAN • SLIMMING

Arogyam THE HEALTH MANTRA

F1-F2, Ravi Raj Flats, Nr. Mahalaxmi Temple, Nr. D-Mart, Chhatrapati Shivaji Circle, New Adajan Road, Surat-9.

M : 70486-61221, 81419-61221

www.arogyamclinic.com

Time : 9am to 1pm & 4pm to 8pm

GPS Market

RV-04

Geo Fence

Overspeed Alarm

Mileage Statistics

5M Accuracy (95%)

ACC Ignition Detection

OTA Firmware Upgrade

Over Voltage Protection

Built In Battery 160 mA/H

Tele-Cut Off (Petrol/ Electricity)

Data In Buffer (in GPS Blind Area)

GSM Module : QUECTEL M26

GPS Module : GTOP GT-1612-UB7X

For Demo - Go to play store Download - GPSMARKET User id : demo - password : 123456

ADMIN OFFICE: 161, SHIV OM NAGAR, MERU LAXMI TEMPLE ROAD, TADWADI, RANDER, SURAT. MO. : 7575006850

સાબરીયાને ભરી પીવા હળવદ-ધાંગધ્રાના મતદારો જ ભારે ઉત્સાહમાં : પ્રજાના દ્રોહી ને નહીં છોડવા મતદારોમાં ઉઠતો સુર

લોકસભાની ચૂંટણીઓ સાથે સાથે ગુજરાતની અમુક બેઠકોની વચગાળાની વિધાનસભાની ચૂંટણીઓની પણ જાહેરાત કરવામાં આવી છે. ત્યારે કોંગ્રેસમાંથી ભાજપમાં પક્ષ પલ્ટો કરી ગયેલા હળવદ ધાગ્રાધાં ના પૂર્વ ધારાસભ્ય પરસોત્તમભાઈ સાબરીયા (પક્ષપલટુ) ને ભાજપે પોતાના ઉમેદવાર જાહેર કર્યા છે.

નાની સિંચાઈ યોજના હેઠળ આચરવામાં આવેલ કૌભાંડ નો મુદો વિધાનસભામાં પ્રશ્નકાળ દરમિયાન ના ઉઠાવવા બાબતે હળવદ ના ધારાસભ્ય રહી ચૂકેલા સાબરીયા એ ૪૦ લાખ રૂપિયાની માગણી કરી હતી. અને જેના ભાગરૂપે આઠ લાખ રૂપિયા આપવામાં આવ્યા હતા હવે જે રૂપિયાની માગણી કરવામાં આવી હતી તેની ઓડિયો ક્લિપ બનાવી જે તે સમયે વાયરલ કરવામાં આવી હતી અને ગુનો નોંધાયો હતો જેના કારણે સાબરીયા ને ચાર મહિના જેટલો સમય જેલવાસ ભોગવવો પડ્યો હતો.

જેલવાસ માં હોવા છતાં સાબરીયાએ હિંમત નહોતી



હારી પરંતુ જામીન મળતાં જ સાબરીયા ભાજપમાં ભળી ગયા હતા. અને અંદરખાને એવી ચર્ચા પણ ચાલી રહી હતી કે સાબરીયા ની સામે જે કેસ કરવામાં આવ્યો છે તે તમામ લોકો ભાજપના જ મળતીયા છે જે હવે સાબરીયા ભાજપમાં ભળી જતા સમય આવ્યે કોર્ટમાં ફરી જશે મતલબ નાની સિંચાઈ યોજના સાબરીયા દોષિત હોવા છતાં નિર્દોષ સાબિત થશે.

પુરાવાના અભાવે કે કોઈ અન્ય કારણોસર કદાચ કોર્ટમાંથી સાબરીયા નિર્દોષ સાબિત થઈ પણ જશે પરંતુ જનતા જનાર્દનના દિલમાં સાબરીયા પ્રજા દ્રોહી જ છે. અને આવનારી પેટાચૂંટણીમાં પ્રજા તેને બરાબર નો સબક શીખવવા તૈયાર જ છે સાબરીયા ભાજપમાં ભળી ગયા મતલબ તે પ્રજાના દ્રોહ માથી મુક્ત નથી જ થવાના. પ્રજાના દિલમાં સાબરીયાનું જે માન હતું તે હવે પ્રજાના દિલમાં નથી રહ્યું આગામી દિવસોમાં પ્રજા નો મિજાજ કેવો રહે છે તે જોવાનુ રહયુ હાલ હળવદ ધાગ્રાધાં માં ટોપ ઓફ ધી ટાઉન બની સમગ્ર પથંકમાં ચર્ચાય રહયુ છે,

સુરેન્દ્રનગર જિલ્લા સમસ્ત બ્રહ્મ સમાજ નું ગૌરવ.....



સૌરાષ્ટ્ર કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજ નું ૨૫ મુ મહા અધિવેશન ૧૩.૧૪.એપ્રિલ ૨૦૧૯ ના રોજ સોમનાથ મહાદેવ ના સાંનિધ્ય માં આયોજિત થયું છે..જેમાં સમસ્ત બ્રહ્મ સમાજ ના ભુદેવ કલાકારો નું સન્માન થવાનું છે...આ સન્માન માં લીબડી નો યુવા કલાકાર ભાર્ગવ કેતનભાઈ વ્યાસ પણ સન્માનિત થવાનો છે..ભાર્ગવ વ્યાસ તબલા વિશારદ છે..ગાયન.. અભિનય..સંગીતકાર ના ક્ષેત્રે ઉમદા આવડત ધરાવે છે..ભૂતકાળ માં આ ક્ષેત્રો માં તુર્કી.. સાયપ્રસ.. કેન્યા... સાઉથ આફ્રિકા વગેરે દેશો માં પણ પોતાની કલા ના કામણ પાથર્યા છે.....

આ સન્માન થી સુરેન્દ્રનગર સમસ્ત બ્રહ્મ સમાજ ખુબજ ગર્વ અને ગૌરવ ની લાગણી અનુભવે છે...જિલ્લા સમસ્ત બ્રહ્મ સમાજ ના પ્રમુખ શ્રી ઉદયભાઈ દવે અને સમગ્ર ટીમ તેમજ લીબડી સમસ્ત બ્રહ્મ સમાજ ના પ્રમુખ શ્રી ભરતભાઈ દવે અને સાથી હોદેદારો તેમજ યુવાપાંખ ના પ્રમુખશ્રી જતીન ત્રિવેદી અને મિત્રો ભાર્ગવ વ્યાસ ને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવે છે..

ઘણા બધા ચડાવ-ઉતારની વચ્ચે

કેડીસીસી બેંકે ૧૨ વર્ષ પછી ૫૬ લાખનો નફો કર્યોઃ દેવરાજભાઈ ગઢવી

જંગ એ ગુજરાત સાથે વાતચીતમાં દેવરાજભાઈ ગઢવીએ જણાવ્યું હતું કે ધ કચ્છ ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેંકની સ્થાપના ૧૯૬૦માં થઈ,ત્યારથી કરીને ઘણા બધા ચડાવ-ઉતાર બેંકની નાણાકીય પરિસ્થિતિમાં આવ્યા છે.કચ્છ જિલ્લાભરમાં દરેક તાલુકાની અંદર બેકની વિવિધ ૧૮ શાખાઓ કાર્યરત છે



છેલ્લા પાંચ વર્ષમાં શેર ભંડોળ પણ ૬ કરોડથી વધીને ૧૮ કરોડનો થયા,૨૦૦૭થી ખોટ કરતી બેંકને સુધારવા સફળતાઃ એનપીએમાં પણ ઘટાડો

ભુજ

કચ્છ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક (કે.ડી.સી.સી.)ની આર્થિક સ્થિતિ ૧૨ વર્ષ પછી સુધરી છે.છેલ્લા એક દાયકાથી દર વર્ષે નુકસાન કરતી કચ્છની સહકારી ક્ષેત્રની સૌથી મોટી બેંક આખરે નફો કરતી થઈ જતાં સભાસદો માટે સારા સમાચાર છે. વિતેલા નાણાકીય વર્ષમાં ૫૬ લાખનો નફો થયો હોવાનું બેંકે સત્તાવાર રીતે જણાવ્યું હતું. ૨૦૦૭ પછી સતત ખોટમાં ચાલતી કે.ડી.સી.સી. બેંક ૨૦૧૮-૧૯માં નફો કરતી થઈ છે તેવું બેંકના ચેરમેન દેવરાજભાઈ ગઢવીએ જણાવ્યું હતું.૧૨ વર્ષ પછી બેંક દ્વારા માતબર ૫૬ લાખની રકમનો નફો થયો છે.ત્યારે આવનાર સમયમાં સંપૂર્ણ ખોટ નાબૂદ કરી સભાસદોને ડિવિડન્ડ તેમજ ભેટ મળે તેવા પ્રયત્નો બેંક દ્વારા સઘન બનાવવામાં આવ્યા છે.બેંકનું શેર ભંડોળ છેલ્લે ૫ વર્ષમાં ૬ કરોડથી વધીને ૧૮ કરોડ સુધી પહોંચ્યું છે.ડિપોઝિટ ૮૫ કરોડથી વધીને ૧૫૧ કરોડ થઈ ગઈ છે . તે રીતે બેંકનું ધિરાણ ૫૪ કરોડથી વધીને ૯૩ કરોડ સુધી અપાયું છે.બેંકના બોર્ડ ઓફ ડિરેકટર્સ દ્વારા અસરકારક વહીવટી પગલાઓ લઈ એન.પી.એ. વર્ષ ૨૦૧૩માં ૪૫ ટકા હતું.જે વર્ષ ૨૦૧૮ - ૨૦૧૯માં ઘટીને ૧૮ ટકા થયું છે. ચેરમેન દેવરાજભાઈ ગઢવીએ વધુમાં ઉમેર્યું હતું કે,બેંકના ઓડિટરો તેમજ નાબાર્ડના ઓડિટર દ્વારા ઓડિટ રેન્કમાં ૭૦ માર્કસ સાથે બેંકને "બ" વર્ગ મળ્યો છે,ત્યારે કચ્છના ખેડૂતો તેમજ કચ્છના લોકોની પોતાની બેંકે ઘણાં વર્ષ પછી સફળતા હાંસલ કરી છે.તમામ કચ્છના લોકોને બેંક સાથે જોડવા અપીલ કરી હતી. બેંકના વિકાસમાં સહયોગ આપનાર ગુજરાત રાજ્ય સરકાર ,ધી ગુજરાત સ્ટેટ કો ઓપરેટિવ બેંક લિ.અમદાવાદ, બેંકના સભાસદો,બેંકના થાપણદારો અને બેંક સાથે જોડાયેલા તમામ ગ્રાહકોનો તેમજ સહકારી સંસ્થાઓનો બેંકના બોર્ડ ઓફ ડાયરેકટર્સ દ્વારા આભાર માનવામાં આવ્યો હતો.એ.ટી.એમ., આર.ટી.જી.એસ.સહિતની સુવિધા ધરાવતી બેંકે આવનારા દિવસોમાં થાપણ ઉપર સારું વ્યાજ આપવાની ખાતરી આપી છે.કચ્છના કિસાનોને વડાપ્રધાન ફસલ વીમા યોજના હેઠળ રૂા.૭ કરોડ ચૂકવવામાં આવ્યા છે.બેંક દ્વારા ખાતેદારોને રૂા.૩૩૦માં પ્રધાનમંત્રી જીવન જ્યોત વીમા યોજના તેમજ રૂા.૧૨માં પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજનામાં પ્રીમિયમ ભરવાથી રૂા.૨ લાખ સુધીનું વળતર મળે છે,એમ અંતમાં દેવરાજભાઈ ગઢવી જણાવ્યું હતું.

મહેસાણા પોલીસે સીફ્ટ ડીઝાયર ગાડીમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ સહીત ૪.૭૦ લાખથી વધુનો મુદ્દામાલ ઝડપી પાડ્યો

પોલીસ અધિક્ષક નીલેષ જાજડીયા મહેસાણા તથા નાયબ પોલીસ અધિક્ષક એમ.બી.વ્યાસ વિસનગર વિભાગ વિસનગરનાએ મહેસાણા જીલ્લામાં આગામી લોકસભાની ચુંટણી અનુસંધાને પ્રોહી-જુગારના ગુન્હા અટકાવવા અસરકારક કામગીરી કરવા સુચના આપેલ હોઇ જે સુચના અન્વયે આજરોજ પી.કે.પ્રજાપતી સર્કલ પોલીસ ઇન્સપેક્ટર ખેરાલુ કેમ્પ વડનગરના ચાર્જમાં હોઇ અમોને ખાનગી રાહે બાતમી હકિકત મળેલ કે વાઘેલા નરેનદ્રસિહ બળવંતસિહ મુળ રહે.રામનગર તા.દાંતીવાડા જી.બનાસકાંઠા હાલ રહે.વાવ તા.સતલાસણા જી.મહેસાણાની નંબર પ્લેટ વગરની સફેદ કલરની સિફ્ટ ડીઝાયર ગાડીમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરી મઢાસણા થી વડનગર તરફ આવનાર છે.જે હકિકત આધારે પી.કે.પ્રજાપતી સર્કલ પોલીસ ઇન્સપેક્ટર ખેરાલુ કેમ્પ વડનગર તથા વડનગર પો.સબ.ઇન્સ બી.એન.પટેલ તથા પોલીસ ટિમ સાથે મઢાસણા પાટીયા પાસે પ્રોહી નાકાબંધીમાં હતા દરમ્યાન બાતમી વાળી ગાડી પસાર થતાં ઉભી રહેલ નહી અને તેનો પીછો કરતાં તે ગાડી સીપોર ગામમાંથી પકડાઇ ગયેલ અને ગાડીનો ડ્રાઇવર તથા સાથેનો માણસ નાસી ગયેલ અને સદર સફેદ કલરની સીફ્ટ ડીઝાયર ગાડીમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂની પેટીઓ નંગ-૧૬ તથા બીયરની પેટી નંગ-૩ તથા છુટા બીયરના ટીન નંગ-૧૬૮ જેમાં ભારતીય બનાવટની વિદેશી દારૂની અલગ-અલગ કંપની લેબલ સીલવાળી નાની-મોટી બોટલો નંગ-૪૫૬ તથા બીયર ટીન નંગ-૨૪૦ મળી કુલ કિ.રૂ.૭૦,૯૪૪/- તથા સીફ્ટ ડીઝાયર ગાડી કિ.રૂ.૪,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા.૪,૭૦,૯૪૪/- નો મુદ્દામાલ પકડાઇ ગયેલ હોઇ જે અંગેની સાથેના અ.પો.કો??સ રાજેન્દ્રસિહ મહેન્દ્રસિહ બનં.૦૮૦૭ નાઓની અમારા રૂબરૂની ઉપરોક્ત ગાડીમાંથી નાસી જનાર ડ્રાઇવર તથા તેની સાથેના ઇસમ તથા વાઘેલા નરેન્દ્રસિહ બળવંતસિહ મુળ રહે.રામનગર તા.દાંતીવાડા જી.બનાસકાંઠા હાલ રહે,વાવ તા.સતલાસણા જી.મહેસાણા વાળાઓ વિરૂધ્ધ પ્રોહી એક્ટ કલમ. ૬ ૫ એઇ, ૮૧, ૧૧૬બી, ૯૮(૨),મુજબનો ગુન્હો રજી કરાવી ગણનાપાત્ર કેસ શોધી કાઢેલ છે.

મોરબીમાંથી ૯૦ હજારની જાલી નોટો સાથે યુવાન ઝડપાયો



લોકસભાની ચુંટણી નજીક હોય ત્યારે મોરબી જીલ્લા પોલીસ ગેરકાયદેસર પ્રવુતિ રોકવા માટે સતત કાર્યરત હોય દરમિયાન મોરબીના નવલખી રોડ પર આવેલ સેન્ટમેરી સ્કુલ નજીકથી એક શખ્સને જાલી નોટો સાથે ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી જીલ્લા પોલીસ વડા ડો.કરનરાજ વાઘેલાના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. પી.આઈ. એસ.એન.સાટી અને જે.એમ.આલની સુચનાથી એસ.ઓ.જી. ટીમ પેટ્રોલિંગમાં હોય દરમિયાન મોરબીના નવલખી રોડ પર આવેલ સેન્ટમેરી સ્કુલ નજીક રેલ્વે પાટા પાસેથી આરોપી મનીષ મંગળભાઈ પટેલ(ઉ.૩૧) રહે-હાલ કૃષ્ણનગર-૨,વાવડી રોડ મોરબી તથા મૂળ- સોખડા મહેસાણા વાળાને ભારતીય બનાવટની જાલી નોટો રૂપિયા ૨૦૦૦ દરની નંગ-૪૦ અને રૂપિયા ૧૦૦ ના દરની નંગ-૧૦૦ મળી કુલ જાલી નંગ-૧૪૦ કીમત રૂ.૯૦,૦૦૦ સાથે મો.સા. કીમત રૂ.૨૦,૦૦૦ ના મુદામાલ સાથે ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી એસ.ઓ.જી ટીમની આ સફળ કામગીરીમાં અનિલભાઈ ભટ્ટ, શંકરભાઈ ડોડીયા, કિશોરભાઈ મકવાણા, ફારૂકભાઈ પટેલ, ઈશ્વરભાઈ કલોતરા, પ્રવીણસિંહ ઝાલા, મયુરધ્વજસિંહ જાડેજા, નરેન્દ્રસિંહ જાડેજા, ભરતભાઈ જીલરીયા અને પ્રિયંકાબેન પૈજાએ કરેલ છે.

મુખ્યમંત્રીની હાજરીમાં પરભુભાઈ વસાવાએ બારડોલી બેઠક પરથી ઉમેદવારી નોંધાવી

સુરત

બારડોલી લોકસભાના ભાજપાના ઉમેદવાર પ્રભુ વસાવાએ વ્યારા ખાતે ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં પોતાની ઉમેદવારી નોંધાવી હતી. જોકે, અંદાજે ૨ કિલોમીટર જેટલી નિકળેલી મહારેલીમાં હજજારો કાર્યકર્તાઓએ કેસરી ખેસ પહેરીને જોડાયા હોવાનું જાણવા મળે છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, લોકસભા-૨૦૧૯ની ચૂંટણીઓ જાહેર થયા બાદ રાજકીય પાર્ટીઓ દ્વારા ઉમેદવારોની પસંદગી કરવામાં આવી નામોની જાહેરાત કરવામાં આવી હતી. ૪થી એપ્રિલના રોજ ઉમેદવારીપત્રક ભરવાની છેલ્લી તારીખ છે. ત્યારે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીની હાજરીમાં બારડોલી લોકસભા બેઠકના ઉમેદવાર પ્રભુ વસાવાએ વ્યારા કલેક્ટર સમક્ષ પોતાની ઉમેદવારી નોંધાવી હતી. આજે સવારથી વ્યારા ખાતે ભાજપા કાર્યાલય ખાતેની એક વિશાળ રેલી કેસરી ખેસ પહેરીને કાર્યકર્તાઓ દ્વારા કાઢવામાં આવી હતી. ભારત માતાકી જય અને વંદેમાતરમ ના ગગન ચુંબી નારાઓ સાથે નિકળેલી આ રેલી વ્યારાના રાજમાર્ગ પર ફરી વળી હતી. બપોરના સુમારે આ રેલી વ્યારા કલેક્ટર કચેરી ખાતે પહોંચી હતી. જ્યાં બારડોલી લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પ્રભુ વસાવાએ પોતાની ઉમેદવારી નોંધાવી હતી.

મોરબી અને આમરણ ગામેથી વધુ બે મોટરસાયકલ ચોરી

મોરબીના વિસીપરાના રહેવાસી અશ્વિનભાઈ જયંતીભાઈ કોળી (ઉ.વ.૨૮) વાળાએ ફરિયાદ નોંધાવી છે કે વિસીપરામાં રામદેવપીર મંદિર પાસેથી તેનું મોટરસાયકલ નં જીજે ૩૬ ઈ ૧૪૪૩ કીમત રૂ ૩૦,૦૦૦ અજાણ્યો ઈસમ ચોરી ગયો છે જયારે અન્ય બાઈક ચોરીમાં આમરણ ગામના ગોપાલભાઈ બચુભાઈ ગમારાએ તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે ફરિયાદીના ઘર પાસેથી તેનું મોટરસાયકલ નં જીજે ૩૬ જે ૮૮૦૩ વાળું કીમત રૂ ૩૫,૦૦૦ અજાણ્યો ઈસમ ચોરી ગયો છે પોલીસે બંને બાઈક ચોરીની ફરિયાદ નોંધી તપાસ આદરી છે

મોરબી તાલુકા પોલીસે કારમાં દેશી દારૂની હેરાફેરી કરતા એકને ઝડપ્યો



મોરબી તાલુકા પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હોય દરમિયાન બાતમીને આધારે મકનસર નજીક સરતાનપર રોડ પરના જલારામ નળિયા કારખાના પાસેથી પસાર થતી હુન્ડાઈ એસન્ટ કાર નં જીજે ૦૩ ઈસી ૧૧૪૬ ને આંતરી તલાશી લોએતા કારમાંથી ૩૦૦ લીટર દેશી દારૂ કીમત રૂ ૬૦૦૦ નો મળી આવતા કાર માં સવાર વનરાજભાઈ ધીરૂભાઈ વીકમાં (ઉ.વ.૩૩) રહે હાલ રાજકોટ મૂળ ચોટીલા વાળાને ઝડપી લઈને કાર તેમજ દારૂ સહીત ૧.૩૧ લાખનો મુદ્દામાલ જમ કર્યો છે જયારે આરોપી વાલજી ભીખાભાઈ ભરવાડ રહે મકનસર નજીક વાળાનું નામ ખુલતા તેનેઝડપીલેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

હળવદ - ધ્રાંગધ્રાની પેટા ચૂંટણીમાં કોંગ્રેસે દિનેશ પટેલને મેદાને ઉતાર્યા

સુરેન્દ્રનગર જિલ્લા પંચાયતના સદસ્ય અને ધ્રાંગધ્રાના દુદાપુરના વતની છે દિનેશ પટેલ

લોકસભાની સાથે હળવદ - ધ્રાંગધ્રાની ખાલી પડેલ વિધાનસભાની પેટા ચૂંટણી યોજાઈ રહી છે ત્યારે આજે કોંગ્રેસ પક્ષ દ્વારા આ સીટ પર આખરે ધ્રાંગધ્રાના દુદાપુર ગામના દિનેશભાઈ પટેલને ટિકીટ આપી મેદાને ઉતાર્યા છે.

હળવદ - ધ્રાંગધ્રાની પ્રતિષ્ઠા ભરી પેટા ચૂંટણીમાં ભાજપ પક્ષ દ્વારા પોતાના મુરતીયાને જાહેર કરી દીધા બાદ કોંગ્રેસમાંથી કોણ આવશે તેવી અનેક અટકળો બાદ આજે આખરે કોંગ્રેસ પક્ષ દ્વારા હળવદ-ધ્રાંગધ્રાની પેટા ચૂંટણી પર ધ્રાંગધ્રા તાલુકાના દુદાપુરના દિનેશભાઈ પટેલને ભાજપના પરસોતમ સાબરીયાને મેદાને ઉતાર્યા છે. કોંગ્રેસ પક્ષ દ્વારા હળવદ-ધ્રાંગધ્રાની પેટા ચૂંટણી પર જાહેર કરેલ ઉમેદવાર દિનેશભાઈ પટેલ હાલ રાજસીતાપુર બેઠક પર જિલ્લા પંચાયતના સદસ્ય છે અને અગાઉ સુરેન્દ્રનગર જિલ્લા પંચાયતની કારોબારીના અધ્યક્ષ પણ રહી ચુકયા છે. જયારે આ



અંગે હળવદ બ્રેકીંગે દિનેશભાઈ પટેલનો સંપર્ક કરતા તેઓએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષ નાનામાં નાના કાર્યકરને પણ મોટી તક આપતી રહી છે. હું છેલ્લા ૩૫ વર્ષથી કોંગ્રેસ સાથે જોડાયેલો છું. સક્રિય કાર્યકર્તા તરીકે કારર્કિદી શરૂ કરી હતી અને બાદમાં ધ્રાંગધ્રા યુથ કોંગ્રેસના પ્રમુખ તરીકે હોદા પર રહ્યા હતા બાદ ધ્રાંગધ્રા કોંગ્રેસ સમિતિના મહામંત્રી તેમજ સુરેન્દ્રનગર જિલ્લા કોંગ્રેસના મહામંત્રી તરીકે પણ પાર્ટીના સંગઠનને મજબુત બનાવવા કામ કર્યું હતું. તેમજ ધ્રાંગધ્રા તાલુકા પંચાયતના દુદાપુર-હરીપર સીટ પર તાલુકા પંચાયતના સદસ્ય તરીકે પણ ચુંટાઈ આવેલ. હાલ જિલ્લા પંચાયતના સદસ્ય તરીકે અને સુરેન્દ્રનગર જિલ્લા કોંગ્રેસ કિસાન સેલના પ્રમુખ તરીકે સેવાઓ આપી રહ્યો છું. જયારે આજરોજ કોંગ્રેસ પક્ષ દ્વારા હળવદ-ધ્રાંગધ્રાની પેટા ચૂંટણીમાં દિનેશ પટેલનું નામ જાહેર કરાતા મોરબી જિલ્લા પંચાયતના કારોબારી અધ્યક્ષ હેમાંગભાઈ રાવલ, હળવદ તાલુકા કોંગ્રેસ પ્રમુખ જયંતિભાઈ પટેલ, પાલીકા સદસ્ય વાસુદેવભાઈ પટેલ, ભીખાભાઈ પટેલ, ડો.અનિલ પટેલ, હિંમાશુભાઈ મહેતા, યુથ કોંગ્રેસ પ્રમુખ અનિરૂધ્ધસિંહ ખેર સહિતના હળવદ કોંગ્રેસના અગ્રણીઓ દ્વારા શુભેચ્છા પાઠવી જંગી લીડથી વિજેતા બનાવવા નેમ વ્યકત કરી હતી.

વલસાડ જિલ્લામાં દારૂનો વેપલો કરતા ૧૧ સામે પાસા હેઠળ કાર્યવાહી

પાંચ લોકોને પકડી જુદી જુદી જેલમાં મોકલી દેવાયા

વલસાડ

સમગ્ર ગુજરાતમાં દારૂબંધીના કાયદાનો કડક અમલ થાય તે માટે વલસાડ જિલ્લાને અડીને આવેલા સંઘપ્રદેશ દાદરા નગરહવેલી તેમજ દમણમાંથી ગેરકાયદેસર દારૂ ઘુસાડવાના પ્રયત્નો ઉપર અંકુશ મૂકવા માટે ધી ગુજરાત અસામાજિક પ્રવૃત્તિ પ્રતિબંધક અધિનિયમ-૧૯૮૫ (પાસા) હેઠળ પોલીસ અધિક્ષકશ્રીને કાર્યવાહી કરવા સૂચના અપાતાં આવા દારૂનો ગેરકાયદેસર વેપલો કરતા ઈસમો(બુટલેગર)ની પાસા એકટ હેઠળ દરખાસ્ત જિલ્લા મેજિસ્ટ્રેટ સી.આર.ખરસાણને આવતાં છેલ્લા ત્રણ માસ દરમિયાન ૧૬ ઈસમો ઉપર પાસાનું શસ્ત્ર ઉગામી કડક કાર્યવાહી કરવામાં આવી છે.

જેમાં જિજ્ઞેશ ઉર્ફે જીગો રતિલાલ પટેલ ઉપર પાંચ જેટલા ગુના નોંધાયેલા હોય તેઓ જામીન ઉપર છૂટી વારંવાર તે જ પ્રકારનું કૃત્ય કરતા હોવાથી પાંચ ગુનામાં પકડાયેલી ૮૩૬૮ નંગ બોટલનીની કિંમત રૂા.૭,૪૬,૬૦૦/- તેમજ વાહનો તથા અન્ય સામગ્રી મળી કુલ રૂા.૩૫,૯૫,૬૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી પાસા હેઠળ ધરપકડનો હુકમ કરી તેની અટકાયત કરી જેલમાં મોકલી અપાયો છે.

નિલેશ કેવડી રમણભાઈ પટેલે કરેલા ત્રણ ગુનાઓમાં જામીન ઉપર છૂટી વારંવાર તે જ પ્રકારનું કૃત્ય કરતા હોય ઉક્ત ત્રણ ગુનાઓમાં ૩૦૭૨૦ નંગ બોટલની કિંમત રૂા.૨૪,૬૬,૦૦૦/- અને અન્ય સામગ્રી મળી કુલ રૂા.૬૩,૬૭,૪૦૯/-નો મુદ્દામાલ કબ્જે કરી પાસા હેઠળ ધરપકડનો હુકમ કરી તેની અટકાયત કરી જેલમાં મોકલી અપાયો છે.

કિકુભાઈ ઉર્ફે કિકલો નાનુભાઈ પટેલે કરેલા પાંચ ગુનાઓમાં જામીન ઉપર છૂટી વારંવાર તેવા જ પ્રકારનું કૃત્ય કરતા હોવાથી પાંચ ગુનાઓમાં ૮૦૨૮ નંગ બોટલની કિંમત રૂા.૫,૦૨,૮૫૦/- તેમજ વાહનો અને અન્ય સામગ્રી મળી કુલ ૨૦,૦૨,૮૦૦/-નો મુદ્દામાલ કબજે કરી સદર વ્યક્તિની પાસા હેઠળ ધરપકડનો હુકમ કરી તેની અટકાયત કરી જેલમાં મોકલી આપવામાં આવ્યો છે.

મનુભાઈ ઉર્ફે મનોજ રમણભાઈ પટેલે કરેલા પાંચ ગુનાઓમાં તેઓ તે જ પ્રકારનું કૃત્ય કરતો હોવાથી આ ગુનાઓમાં મળેલી બોટલ નંગ ૭૫૮૪ની કિંમત રૂા.૫,૨૮,૦૦૦/- તેમજ વાહન અને અન્ય સામગ્રી મળી કુલ ૨૧,૩૩,૪૪૦/-નો મુદ્દામાલ કબજે કરી પાસા હેઠળ ધરપકડનો હુકમ કરી તેની અટકાયત કરી જેલમાં મોકલી અપાયો છે.

સપન ધનસુખભાઈ નાગરભાઈ પટેલ કે જેના નામે ૬ ગુનાઓ છે, તે પણ જામીન ઉપર છૂટી વારંવાર એક જ પ્રકારનું કૃત્ય કરતા હોવાથી આ ગુનાઓમાં મળેલી બોટલ ૧૯૦૪૫ ની કિંમત રૂા.૨૦,૦૧,૬૫૦/- તેમજ વાહનો અને અન્ય સામગ્રી મળી કુલ રૂા.૭૯,૫૮,૬૫૦/- નો મુદ્દામાલ કબજે કરી પાસા હેઠળ ધરપકડનો હુકમ કરી તેની અટકાયત કરી જેલમાં મોકલી અપાયો છે.

આ સિવાય અન્ય ૧૧ વ્યક્તિઓ વિરુદ્ધ પણ પાસા હેઠળ હુકમ કરી તેઓને જેલભેગા કરવા પોલીસ અધિક્ષક વલસાડને સૂચનાઓ આપવામાં આવી છે.

આરટીઆઈ એક્ટ મુજબ ખાનગી શાળામાં પ્રવેશ માટે તા.૫'થી ફોર્મ ભરી શકાશે

નવસારી

શૈક્ષણિક વર્ષ જૂન-૨૦૧૯ થી આર.ટી.ઈ.એકટ-૨૦૦૯ અંતર્ગત નવસારી જિલ્લાની તમામ બિનઅનુદાનિત શાળાઓમાં ધોરણ-૧ માં આર.ટી.ઈ.એકટ અંતર્ગત ૨૫ ટકા મફત પ્રવેશ યોજના સરકારશ્રી ધ્વારા પ્રસિધ્ધિ થઈ છે. જે મુજબ ચાલુ વર્ષ દરેક લાભાર્થી બાળક માટે ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવામાં આવનાર છે. ઓનલાઈન પ્રવેશ અરજી વાલીઓએ વેબસાઈટ પર તા.૫/૪/૧૯ થી તા.૧૫/૪/૧૯ સુધી પ્રવેશ ફોર્મ ભરી શકાશે. જે વાલી ઓનલાઈન પ્રવેશફોર્મ ભરી ન શકતા હોય તેઓએ કેન્દ્ર પર જઈ નિયત કરેલ કર્મચારી ધ્વારા ઓનલાઈન ફોર્મ ભરી આપવામાં આવશે. ઓનલાઈન કરેલ અરજીની પ્રિન્ટ આધાર પુરાવાની પ્રમાણિત નકલ નવસારી તાલુકા માટે બી.આર.સી.ભવન, ઈંટાળવા, પ્રાથમિક શાળા ઈંટાળવા, નવસારી, જલાલપોર તાલુકા માટે બી.આર.સી.ભવન જલાલપોર, ગણદેવી તાલુકા માટે, બી.આર.સી.ભવન ગણદેવી કુમારશાળા કેમ્પસ, ગણદેવી, ચીખલી તાલુકા માટે બી.આર.સી.ભવન, ચીખલી કન્યાશાળા, ખેરગામ તાલુકા માટે બી.આર.સી.ભવન ખેરગામ કુમાર શાળા તથા વાંસદા તાલુકા માટે બી.આર.સી.ભવન વાંસદા, કુમાર શાળાની પાછળ, વાંસદા ખાતે સમયમર્યાદામાં જમા કરાવવાનું રહેશે. પ્રવેશ પ્રક્રિયા પુર્ણ થયેથી વાલીને એસ.એમ.એસ. ધ્વારા જાણ કરવામાં આવશે. તેમજ દરેક તાલુકાના સ્વીકાર કેન્દ્ર પર યાદી પ્રસિધ્ધ કરવામાં આવશે, તેમ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી નવસારીની યાદી જણાવે છે.

નવસારી બેઠક પર કોંગ્રેસ તરફથી ધર્મેશ પટેલે ઉમેદવારી નોંધાવી

ઉમેદવારી નોંધાવવા વિશાળ સરઘસ નીકળ્યું

સુરત

નવસારી લોકસભા ૨૫ બેઠક ઉપર આજે કોંગ્રેસના ઉમેદવાર ધર્મેશભાઈ ભીમભાઈ પટેલ દ્વારા ભવ્ય સરઘસ સાથે કોંગ્રેસ કચેરીએ ઉમેદવારી નોંધાવવામાં આવી હતી. કોળી પટેલ સમાજના ઉમેદવારની માંગ બાદ કોંગ્રેસે કોળી પટેલ અને યુવા ઉમેદવાર ધર્મેશ પટેલને ટિકિટ ફાળવતાં તેમણે વિજયનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

નવસારી લોકસભાની ચૂંટણી માટે કુલ ૪૬ જેટલા રાજકીય રાષ્ટ્રીય પક્ષ અને અપક્ષ ઉમેદવારો દ્વારા ફોર્મ લઈ જવામાં આવ્યા હતા. અત્યાર સુધીમાં ભાજપના સીઆર પાટીલ સહિત કુલ ૮ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. આજરોજ નવસારી લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર અને વિજલપોર પાલિકાના માજી પ્રમુખ ધર્મેશભાઈ ભીમભાઈ પટેલ દ્વારા ડીજે સાઉન્ડ સિસ્ટમ સાથે પંજાના બેનરો સાથે વિજલપોરથી ઉમેદવારી પત્ર ભરવા માટે સુરત-નવસારીના કાર્યકરો દ્વારા સરઘસ કાઢી નવસારી જિલ્લા કલેક્ટરાલય ખાતે ઉમેદવારી નોંધાવી હતી. ધર્મેશભાઈના મોટાભાઈ ભરતભાઈ પટેલે દરખાસ્ત કરી હતી. જ્યારે ડમી ઉમેદવાર તરીકે નવસારી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સિદ્ધાર્થભાઈ સુખદેવભાઈ દેસાઈ દ્વારા ડમી તરીકેની ઉમેદવારી નોંધાવી હતી. નવસારી લોકસભા બેઠક ઉપર ભાજપ કોંગ્રેસમાં ટિકિટ ફાળવવામાં આવે તે પૂર્વે જ નવસારીના કાંઠા વિસ્તારના ગામોમાં ભાજપ હોય કે કોંગ્રેસ ઉમેદવાર તો કોળી પટેલ જ હોવો જોઈએના બેનરો લાગતા બંને રાજકીય પક્ષોમાં હલચલ મચી ગઈ હતી. જેમાં ભાજપે સીઆર પાટીલને ત્રીજી ટર્મ માટે રિપિટ કર્યા હતા. જ્યારે સતત પરાજયનો સામનો કરી રહેલી કોંગ્રેસ પાર્ટી દ્વારા કોંગ્રેસના યુવા નેતા અને વિજલપોર પાલિકાના માજી પ્રમુખ કોળી પટેલ સમાજના ધર્મેશ પટેલને ટિકિટ ફાળવતા તેમણે આજે વાજતે ગાજતે ઉમેદવારી નોંધાવી હતી અને વિજયનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

ભરીમાતામાં દિપક મોરેની હત્યા કરનાર પ્રફુલ્લ ઉર્ફે સોનુ મરાઠી પકડાયો

દિપક મોરેની પત્નીની છેડતીના ઝઘડાની અદાવતમાં હતયાને અંજામ અપાયો

સુરત

ભરીમાતા રોડ વિશાલા વાડી પાસે દિપક મોરેની હત્યા કરનાર પ્રફુલ્લ ઉર્ફે સોનુ મરાઠીની ક્રાઈમ બ્રાન્ચ પોલીસે ધરપકડ કરી હત્યાનો ભેદ ઉકેલ્યો હતો. દોઢેક વર્ષ પહેલા આરોપીએ મરનારની પત્નીની છેડતી કરી હતી. તેમજ જમીનની દલાલીમાં મરણ જનાર નડતો હોય, આરોપીએ હત્યા કરી હતી. ક્રાઈમ બ્રાન્ચ પોલીસે આરોપી પ્રફુલ્લ ઉર્ફે સોનુ અરૂણભાઈ નાથજોગી રહે. ૪૦૨, શ્રી સિવાય કોમ્પ્લેક્ષ, ભરીમાતા રોડને કતારગામ દરવાજા પાસેથી ઝડપી પાડ્યો હતો.

આરોપીની પૂછપરછમાં મરનાર દિપક મોરેએ આજથી દોઢેક વર્ષ પહેલા તેની પત્નીની છેડતી કરી છે. તેવો વહેમ રાખી આરોપી સાથે ઝઘડો કર્યો હતો. આરોપી જમીન, મકાનની દલાલીનો ધંધો કરતો હોય, જે ધંધામાં પણ મરનાર હસ્તક્ષેપ કરતો હોય, જે વાતની અદાવત રાખી તેને મારી નાંખવાના ઈરાદે પોતાના મિત્રની એક્ટીવા ઉપર સ્ટીલનો પાઈપ લઈ નીકળેલ અને મરનાર તેના બાળકોને કોઝવે નજીક આવેલા રીવર પાર્ક સોસાયટીમાં ટ્યુશને મુકવા માટે આવતો હોય સોસાયટીના નાકે મરનારની રાહ જોતો ઉભો હતો. મરનાર તેના બાળકોને ટ્યુશન મુકી પરત જતો હતો. ત્યારે તેનો પીછો કરી ભરીમાતા રોડ વિશાલા હોટલ સામે આવતા મોકો મળતા પોતાની પાસેના સ્ટીલના પાઈપ વડે મરનાર ઉપર હુમલો કરી તેના માથામાં આડેધડ ફટકા મારી મોત નીપજાવી સ્થળ પરથી નાસી ગયો હતો.

અડાજણની યુવતી પર લીંબાયતના યુવાન દ્વારા વારંવાર બળાત્કાર

સુરત

અડાજણની યુવતીને લગ્ન કરવાની લાલચ આપી અવાર નવાર યુવતીની મરજી વિરૂદ્ધ બળાત્કાર ગુજારનાર લીંબાયતના વસીમ પઠાણ વિરૂદ્ધ અઠવા પોલીસ સ્ટેશને બળાત્કારનો ગુનો દાખલ થયો હતો.

અઠવા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ લીંબાયત મદીના મસ્જિદ શિવમ સુંદરમમાં રહેતો વસીમ ફારૂક પટાણ ફરિયાદી યુવતીના પરિચયમાં આવતા આરોપીએ લગ્ન કરવાની લાલચ આપી મજૂરાગેટ મધુર મિલન વાડીની સામેના મકાનમાં લઈ જઈ ફરિયાદીની મરજી વિરૂદ્ધ અવાર નવાર બળાત્કાર ગુજાર્યો હતો. ફરિયાદીએ લગ્ન કરવાની વાત કરતા આરોપીએ ફરિયાદી યુવતીને માર મારી ખભાના પાછળના ભાગે બચકા ભરી લીધા હતા. તેમજ ફરિયાદીની મોબાઈલ ફોનમાંથી ફોટા ડિલીટ કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી નાસી ગયા હતા.

બનાવ અંગે અઠવા પોલીસે એટ્રોસિટી એક્ટ સહિત બળાત્કારનો ગુનો નોંધ્યો હતો. આ કેસની તપાસ એસટી-એસસી સેલની મદદનીશ પો.કમિ. પિનાકીન પરમારે હાથ ધરી છે.

સિંધી સમાજ સુરત દ્વારા તા.૬'એ ચેટીચાંદની ધામધૂમથી ઉજવણી થશે

સુરત

સિંધી સમાજના પવિત્ર એવા ઝૂલેલાલ જયંતિ (ચેટીચંદ)ની આગામી તા.૬ એપ્રિલના રોજ મહારાજા અગ્રસેન ભવન ખાતે ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે. પૂજ સુરત સિંધી પંચાયતના કારોબારી સભ્ય મુરલીધર લીલાણીએ જણાવ્યું હતું કે, તા.૬ એપ્રિલને શનિવારના રોજ પૂજ સૂરત સિંધી પંચાયત સિંધુ ભવન નાનપુરા ટીમલીયાવાડ સવારે ૧૦ વાગ્યે પંચાયતના પ્રમુખ દિપચંદ ગોપચલાણી અને મંત્રી નાનકરામ અટલાણી સહિત કારોબારી સભ્યોની હાજરીમાં વરૂણદેવતાની જ્યોતિને પ્રગટાવીને હાથ-પ્રસાદી બાદ જ્યોતિ સાથે કારમાં પ્રેમપ્રકાશ આશ્રમ સિટીલાઈટ રવાના થશે. ૬ એપ્રિલે સાંજે ૪ વાગ્યે સ્વામી બ્રહ્માનંદજ શાસ્ત્રી હાજરીમાં સુરતના મેયર ડો.જગદીશ પટેલ સહિત અન્યની હાજરીમાં ચેટીચંડ ઉત્સવની ઉજવણી કરવામાં આવશે. સાંજે છ વાગ્યે અગ્રેસન ભવનથી પૂજ ઝૂલેલાલની જ્યોતને કારમાં લઈ શણગારેલી ઝાંકીઓ, બેન્ડબાઝા સાથે સરઘસના રૂપમાં આગળ ચાલશે તે સૂર્યપ્રકાશ એપાર્ટમેન્ટ, આશિર્વાદ પાર્ક, કેનાલ રોડ, ચાણ્યક્યુપીર સોસાયટીમાં સંત તુકારામ સોસાયટી, ભટાર મેઈન રોડ, મજુરાગેટથી સિંધુ ભવન પંચાયતની કચેરી એસબીઆઈ બેંકથી નાનપુરા નાવડી ઓવારે રાત્રે ૧૦ વાગ્યે જ્યોતની પૂજા અર્ચના વિસર્જન કરવામાં આવશે.

કાપોદ્રામાં જય માતા ટ્રાવેલ્સમાં જુગાર રમતા ૧૧ જુગારી પકડાયા

સુરત

કાપોદ્રા જય માતાજી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સની ઓફિસમાં ધમધમતી જુગારની ક્લબ ઉપર પીસીબી પોલીસે દરોડા પાડી ૧૧ જુગારીની ધરપકડ કરી હતી. પીસીબી પોલીસે ૧૦ મોબાઈલ ફોન અને રોકડા મળી કુલ રૂા.૭૯,૪૦૦ની મતા કબજે કરી હતી.

પીસીબી પોલીસે બાતમીના આધારે કાપોદ્રા મુરઘા કેન્દ્ર પાસે વડવાળા શોપિંગ સેન્ટરમાં આવેલી જય માતાજી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સમાં દરોડા પાડ્યા હતા. જુગાર રમતા કાબા રબારી, પંકજ બારૈયા, રાજેશ કોટક, મહેન્દ્ર મકવાણા, લાલજી જાલંધરા, અરવિંદપુરી ગોસ્વામી, શૈલેષ રાદડીયા, પ્રકાશ આહિર, મુકેશ દોડીયા, રમેશ ધામેલીયા, અશોક પટેલની ધરપકડ કરી હતી. પીસીબી પોલીસ રોકડા રૂપિયા ૧૦ મોબાઈલ ફોન મળી કુલ રૂા.૭૯,૪૯૦ની મતા કબજે કરી હતી. પીસીબી પોલીસે તમામ જુગારીઓ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી કાપોદ્રા પોલીસ સ્ટેશને ફરિયાદ આપી હતી.

ઈચ્છાપોરમાં યુવતી પર બે યુવાન મિત્રો દ્વારા સામૂહિક બળાત્કાર

સુરત

ઈચ્છાપોર પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ભાઠા ગામ વાદારી મહોલ્લામાં રહેતો બળવંત ઉર્ફે બલ્લો જયંતિ રાઠોડ દુધ લેવા જતી યુવતી પાસે આવી વાતોમાં ભોળવી પોતાની મોટર સાયકલ પર બેસાડી ગયો હતો અને દિવાલની ઓથે લઈ જઈ ફરિયાદી યુવતીની મરજી વિરૂદ્ધ જબરદસ્તીથી શરીર સંબંધ બાંધ્યો હતો. આ સમયે આરોપીનો મિત્ર સોમા નટુ રાઠોડે આવી ફરિયાદી યુવતીને બદનામ કરવાની ધમકી આપી આરોપી સોમા નટુએ પણ જબરદસ્તીથી બળાત્કાર ગુજાર્યો હતો.

ઈચ્છાપોર પોલીસે પીડિતા યુવતીની ફરિયાદ નોંધી આરોપી બંને મિત્ર વિરૂદ્ધ ઈપીકો કલમ ૩૭૬ (જી) મુજબનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૧૯

જિલ્લા પ્રમુખ ચૂંટણી અધિકારી દ્વારા નોડલ ઓફિસરોના કામની સમીક્ષા

મતદાન માટે મતદાતાઓને વધુમાં વધુ પ્રેરિત કરવા અનુરોધ કરતા જિલ્લા ચૂંટણી અધિકારી

સુરત

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી ડો.ધવલ પટેલના અધ્યક્ષસ્થાને જિલ્લા સેવા સદન ખાતે લોકસભાની ચૂંટણીની પૂર્વતૈયારીના ભાગરૂપે નોડલ ઓફિસરોની કામગીરીની સમીક્ષા બેઠક યોજાઈ હતી.

કલેકટરશ્રીએ ઉપસ્થિત નોડલ ઓફિસરોને માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે, લોકશાહીના મહાપર્વ ચૂંટણીમાં શહેર-જિલ્લાના મતદારો ઉત્સાહભેર ભાગ લે તેવું વાતાવરણ ઉભું કરવું જરૂરી છે. આ માટે મતદાન મથક પર સરળતાથી મતદાન કરી શકાય તે માટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ચૂંટણી પંચના સહયોગથી તમામ આવશ્યક સવલતો ઉપલબ્ધ કરવામાં આવશે. તેમણે જે તે વિભાગના નોડલ ઓફિસર તેમના કાર્યક્ષેત્ર માટે ચૂંટણીલક્ષી તમામ નિર્ણયો લેવાની સત્તા ધરાવે છે એમ જણાવી ચુંટણી કામગીરી સુચારૂ રીતે સંપન્ન થાય તે પ્રકારના હકારાત્મક નિર્ણયો લેવા માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. ચૂંટણી પ્રક્રિયામાં ચૂંટણી સાથે જોડાયેલા અધિકારીઓ પરસ્પર સંકલન જાળવીને તેમને સોંપાયેલી ફરજો-કાર્યોને સમયમર્યાદામાં પૂર્ણ કરી ચૂંટણી પ્રક્રિયા પાર પડે તેવો અનુરોધ પણ તેમણે કર્યો હતો.

એમ.સી.એમ.સી. સેન્ટર દ્વારા પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયામાં પ્રસારિત થતી પેઈડ ન્યુઝ સહિતની કન્ટેન્ટનું નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે, ત્યારે મીડિયા મોનિટરિંગની કામગીરી સતર્કતાથી કરવામાં આવે એ જરૂરી હોવાનું જણાવી ઉમેર્યું કે, ભારતીય ચુંટણીપંચ દ્વારા વર્ષ-૨૦૧૮ને ''સુગમ નિર્વાચન'' તરીકે જાહેર કરવામાં આવ્યું છે. દિવ્યાંગ મતદારોને મતદાન મથક પર કોઈ પણ જાતની મુશ્કેલી ન પડે અને તેઓ સરળતાથી મતદાન કરી શકે તે માટે મતદાન મથક તેમજ દિવ્યાંગ મતદારોની સુવિધાનું મોનીટરીગ કરવા માટે ચુંટણી પંચ સતત પ્રયાસો કરી રહ્યું છે. ચૂંટણી સાથે સંકળાયેલા અધિકારીઓ મૂક-બધિર મતદાતાઓ માટે સાઈન લેંગ્વેજ પણ શીખશે એમ તેમણે જણાવ્યું હતું

આ ઉપરાંત ચૂંટણી ફરજના અધિકારી કર્મચારીઓ બેલેટથી મતદાન કરી શકે તે માટે પોસ્ટલ બેલેટ, મેનપાવર, તાલીમ, ચૂંટણી કામગીરીના વાહનો માટે જરૂરી વ્યવસ્થા, પોસ્ટલ બેલેટ વગેરેની કામગીરીની પણ તેમણે સમીક્ષા કરી હતી. સીવિજીલ એપમાં આચારસંહિતા ભંગની થતી ફરિયાદને સમયમર્યાદામાં નિરાકરણ લાવવાનો અનુરોધ કર્યો હતો. સ્વીપ કામગીરીને વધુ અસરકારક બનાવી મતદાન માટે મતદાતાઓને વધુમાં વધુ પ્રેરિત કરવાનો તેમણે ભારપૂર્વક કહ્યું હતું.

આ બેઠકમાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી સી.પી પટેલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ.કે. કોયા, મીડિયા નોડલ ઓફિસર શ્રી બી.ડી. રાઠવા, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી એસ.એચ.રાજયગુરુ સહિત વિવિધ વિભાગોના નોડલ ઓફિસરો ઉપસ્થિત રહ્યા હતા.

સુરત બેઠક પર ભાજપના દર્શના જરદોશ અને કોંગ્રેસના અશોક પટેલ ઉમેદવારી કરશે

સુરત

સુરત લોકસભા બેઠક માટે ભાજપા દ્વારા દર્શના જરદોષ અને કોંગ્રેસ દ્વારા અશોક સાંસપરા (અધેવાડ)ને ઉમેદવાર જાહેર કરતા બંને આવતીકાલે કલેક્ટર ઓફિસે ઉમેદવારી નોંધાવશે. ગુજરાતમાં લોકસભા ચૂંટણી માટે આવતીકાલે ૪ એપ્રિલે ઉમેદવારી નોંધવાનો છેલ્લો દિવસ છે.

સુરત લોકસબા બેઠક માટે ભાજપ દ્વારા ગઈકાલે મોડેથી સાંસદ દર્શનાબેન જરદો,ને ત્રીજા ટર્મ માટે રિપીટ કર્યા હતા. ભાજપ દ્વારા મૂળ સુરતી અને મહિલા ઉમેદવારને ટિકિટ આપતા કોંગ્રેસ દ્વારા સુરત બેઠક માટે સૌરાષ્ટ્રવાસી અશોક સાંસપરા (અધેવાડ)ને ઉમેદવાર જાહેર કર્યા છે. ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો આવતીકાલે ઉમેદવારી ફોર્મ ભરવાના છે. સુરત જિલ્લા કલેક્ટર કચેરીએ આવતીકાલે બપોરે ત્રણ વાગ્યા સુધી ઉમેદવારી ફોર્મ ભરી શકાય છે. ઉમેદવારી પત્રોની ચકાસણી તા.૫-૪-૨૦૧૯ના રોજ થશે અને તા.૮-૪-૨૦૧૯ના રોજ બપોર સુધી ઉમેદવારી પાછી ખેંચી શકાશે અને ત્યારબાદ અંતિમ યાદી જાહેર કરવામાં આવશે. આવતીકાલે ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠકો માટે ઉમેદવારી નોંધવાનો છેલ્લો દિવસ હોવાથી રાજકીય પક્ષોના ઉમેદવારો ફોર્મ ભર્યા બાદ ચૂંટણીનો માહોલ જામશે. ૨૩મી એપ્રિલના રોજ મતદાન થવાનું છે અને ૨૩ મે ૨૦૧૯ના રોજ મતગણતરી થશે.

તંત્રી સ્થાનેથી...

નવી ટેકનોલોજીનો સમય

પરિવર્તનને સ્વીકાર કરીને જીવનમાં સફળતા હાંસલ કરી શકાય છે. નવી નવી ટેકનોલોજીને સતત સ્વીકાર કરવાની ટેવ પાડવાની જરૂર છે. કારણ કે રોકેટ ગતિના સમયમાં તમામને ઝડપથી આગળ વધવાની જરૂર છે. કોઈ વ્યક્તિએ સાચી જ વાત કરી છે કે જ્યારે કોઈ વ્યક્તિ પોતાને બદલવાનુ બંધ કરી દે છે ત્યારે તેની પ્રગતિ સંપૂર્ણપણે રોકાઈ જાય છે. પોતાને સમયની સાથે સતત બદલી નાંખવા માટેના પ્રયાસ કરવા જોઈએ. જેટલી ઝડપથી તમે પોતાને બદલશો તેટલી ઝડપથી વધુ સફળતા હાંસલ થશે. પરિવર્તન સૌથી મહત્વપૂર્ણ બાબત છે. મોટા ભાગના લોકો લાઈફમાં એટલા માટે નિષ્ફળ થઈ જાય છે કે તેઓ પોતાને બદલા માટે ઈચ્છુક હોતા નથી. સી નીલ સ્ટ્રેટ કહે છે કે પરિવર્તન લીક પર ચાલનાર વ્યક્તિ માટે સૌથી મોટી મુશ્કેલ બાબત અનેક હોય છે. કારણ કે વ્યક્તિ પોતાને એ સ્તર સુધી ઘટાડી લે છે જેના પર તે સરળતાથી ચાલી શકે છે. આવી વ્યક્તિ કોઈ પણ પડકાર અને નવી બાબતોને સ્વિકાર કરતા નથી. ભલે તેને પ્રગતિ મળતી હોય તો પણ તે નવી કોઈ બાબતને સ્વિકારશે નહી. કેટલાક લોકો તો ખાડામાં હોય છે. સાથે સાથે ખોદકામ કરતા રહે છે. તેઓ પોતાના કામના તરીકાને બદલતા નથી અને મુશ્કેલીમાં ફસાતા જાય છે. કેટલાક લોકો એવા હોય છે જે જિદ્દી વલણ પર આગળ વધે છે. તેઓ આગળ વધતા નથી. વક્તની આંધી આવા લોકોને બરબાદ કરી નાંખે છે. કેટલાક લોકો બદલી જવાના બદલે રોકાઈ જવાનુ પસંદ કરે છે. આવા લોકો પણ ક્યાય પહોંચી શકતા નથી. જો કોઈ વ્યક્તિ નવા નવા લક્ષ્યાંકો હાંસલ કરવા માટે ઈચ્છુક છે તો તેમને નવા નવા તરીકે સાથે કામ કરવાની જરૂર રહેશે. પરિવર્તન વગર કોઈ મોટી સફળતા મળી શકે તેમ નથી. બદલાવ સાથે જ સફળતા મળે છે. નિષ્ણાંત લોકો કહે છે કે જો નવા તોર તરીકાને અપનાવીશુ નહી તો નવી નવી સમસ્યા આવતી રહેશે અને સમસ્યા વધારતી રહેશે. કેટલીક વખત સફળતા બિલકુલ નજીક હોય છે પરંતુ સફળતાના રસ્તા પર ચાલવાનો ઈન્કાર કરી દે છે. દુનિયામાં એ જ વ્યક્તિ સફળ થઈ છે જે પરિવર્તનને સ્વીકારે છે. એક પરિવર્તનની સાથે બીજા પરિવર્તનની રાહ તૈયાર થાય છે. અમને વિકાસની તક મળે છે. પરિવર્તનની ઈચ્છાને હમેંશા કાયમ રાખવામાં આવે તે જરૂરી છે. સફળતા હાંસલ કરવા માટે સતત મહેનત કરવામાં આવે તે જરૂરી છે. સતત પરિવર્તનના કારણે અમે બેચેન હોઈ શકીએ છીએ. જો કે પરિવર્તન ન થાય તો અમે ભયભીત થઈ જઈએ છીએ. જો વ્યક્તિ પોતાના સિદ્ધાંતો સાથે સમજુતી કર્યા વગર પરિસ્થિતી સાથે તાલમેળ બેસાડી લે છે તે વ્યક્તિ સફળતા હાંસલ કરે છે. પરિવર્તન ક્યારેય કોઈ એક દિવસમાં થતા નથી. પરિવર્તનના અર્થ લક્ષ્યને હાંસલ કરવા માટે યોગ્ય રસ્તાની શોધ કરવાનો હોય છે. આના માટે સતત મહેનત કરવાની જરૂર હોય છે. પરિવર્તન દરેક રીતે થાય તે જરૂરી છે. વ્યક્તિ પોતાના જીવન મુલ્યોમાં પરિવર્તન લાવે તે કોઈ પરિવર્તન નથી. આધુનિક સમયમાં ચારેબાજુ પડકારની સ્થિતી રહેલી છે. દરેક જગ્યાએ ગળા કાપ સ્પર્ધા ચાલી રહી છે. સારા લોકોની સાથે રહીને સારી બાબતો શિખવામાં આવે તે ખુબ જરૂરી છે.

પરિવર્તનોને સ્વીકાર કરીને આગળ વધી જનારાને લાઈફમાં વધુ સફળતા મળે છે

ફિટનેસ પ્રત્યે સાવધાની જરૂરી

વય વધવાની સાથે સાથે ઘણી પ્રકારની સમસ્યાઓ પણ ઊભી થવા લાગી જાય છે. વય વધતાની સાથે સાથે ફિટનેસ પ્રત્યે સાવધાન રહેવાની વધુ જરૂર રહે છે. કારણ કે અનેક શારીરિક સમસ્યાઓ ઝડપથી હુમલાઓ કરી શકે છે. શરીરની અંદર કેટલીક તકલીફ ઊભી થાય છે. આ તમામ તકલીફોથી બચવા માટે સાવધાન રહેવાની સલાહ નિષ્ણાંતો આપે છે. ૪૦ વર્ષની વય પાર થઈ ગયા બાદ ઘણી બાબતો તરફ વિશેષ ધ્યાન આપવું જોઈએ. બિમારી ઘેરી લે તે પહેલાં સાવધાની રાખવી જરૂરી છે. ૪૦ વર્ષ પૂરા થઈ ગયા બાદ શરીરની નિયમિત રીતે ચકાસણી અને પરીક્ષણ કરવાની સલાહ તબીબો આપે છે. ખાવા-પીવાની ટેવો બદલી નાખવા તથા શિસ્ત જાળવી રાખવાની સલાહ પણ આપી છે. લાઈફમાં નિયમિત રીતે કસરતને સ્થાન આપવા માટે પણ સલાહ આપવામાં આવી છે. સવાર અને સાંજે ચાર કિલોમીટર સુધી ચાલવા માટેની સલાહ પણ આપવામાં આવી છે. આ ઉપરાંત ટેન્શનને ઘટાડવાનો તમામ પ્રયાસ કરવા જોઈએ. યોગ અને ધ્યાન ખૂબ જ મહત્વપૂર્ણ છે. આનાથી ટેન્શન દૂર થાય છે. ટેન્શન ફેલાવનાર કારણોને શોધી કાઢી તેનાથી દૂર રહેવાની સલાહ પણ આપવામાં આવી છે. આર્થિક સમસ્યાઓને દૂર કરવાની સલાહ પણ આપવામાં આવી છે. કોઈપણ પ્રકારની લોન લેતા પહેલાં આવી લોન ઉતરી શકશે કે કેમ તે પાસાંઓ ઉપર પણ ધ્યાન આપવું જોઈએ. પરિવારને સમય આપવા માટે પણ કહેવામાં આવ્યું છે. પરિવારના સભ્યોને મનોરંજન ઉપલબ્ધ કરાવવા માટે તેમની સાથે બહાર જવાની પણ સલાહ આપવામાં આવી છે. સામાન્ય રીતે શરીર પ્રત્યે તમામ લોકો સાવધાન રહે છે છતાં પણ ૪૦ વર્ષની વય બાદ સાવધાની ખૂબ જ જરૂરી બની જાય છે. આ વયમાં વ્યક્તિ પોતાની કેરિયર અને ગૃહસ્થ લાઈફમાં સ્થિર થઈ જાય છે. બીજી બાજુ કામકાજનું દબાણ, બાળકોના ભવિષ્યની ચિંતા, લાઈફમાં સ્થાઈત્વ લાવવાનું દબાણ પણ રહે છે. બીજી બાજુ શરીર યુવા અવસ્થાને સક્રિયતામાંથી દૂર થાય છે. શારીરિક પ્રક્રિયાઓ ઓછી થઈ જાય છે જેથી આ અવસ્થા પહેલાં સાવધાની રાખવાની સલાહ આપવામાં આવી છે.

બિહારમાં સમીકરણ બદલાયા બાદ નવી સમસ્યા સપાટી પર આવી

બિહાર : તમામ પક્ષો સામે સમસ્યા

બદલાયેલા સમીકરણમાં બિહારમાં ૪૦ સીટોની ચૂંટણી ખુબ નિર્ણાયક બનનાર છે. ગઠબંધનને લઈને પોતાના ઘરમાં જ સવાલોનો સામનો કરવો પડી રહ્યો છે. રાજ્યની ડઝન જેટલી સીટ પર બંને ગઠબંધનના અસંતુષ્ટ ઉમદવારો મુશ્કેલી ઉભી કરી રહ્યા છે. બિહારની આ સીટો પર સ્પર્ધા આ વખતે વધારે ગળાકાપ રહી શકે છે. હજુ સુધીની સ્થિતી પર નજર કરવામા આવે તો જો કોઈ પાર્ટીએ સૌથી વધારે બાંધછોડ કરી છે તો તે ભારતીય જનતા પાર્ટી છે. વર્ષ ૨૦૧૪માં ૨૨ સીટ જીતી જનાર પાર્ટીએ આ વખતે ૧૭ સીટો પર ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે. બાકીની ૧૭ સીટો પર જેડીયુ ચૂંટણી લડનાર છે. અન્ય છ સીટો પર એલજેપી ચૂંટણી લડનાર છે. પાંચ સીટનુ ત્યાગ કરનાર ભારતીય જનતા પાર્ટીને પણ પોતાની અંદર નારાજગીનો સામનો કરવો પડી રહ્યો છે. બાંકામાં પુલુલસિંહ પોતાના જ ગઠબંધનના ઉમેદવાર સામે બળવાખોર ઉમેદવાર તરીકે મેદાનમાં આવી ગયા છે. જેના કારણે એનડીએ પરેશાન છે. બીજી બાજુ ભાજપના સિનિયર નેતા શાહનવાઝ હુસૈન પણ બાગલપુર સીટને ભાજપના ક્વોટામાંથી જેડીયુને આપવામાં આવ્યા બાદ પોતાની નારાજગી વ્યક્ત કરી ચુક્યા છે. આના પર નીતિશ કુમાર પણ તીખી પ્રતિક્રિયા આપી ચુક્યા છે. પ્રથમ વખત ચૂંટણી બેઠક વહેંચણી બાદ પ્રથમ વખત ખોટો સંદેશ ગયો છે કે બંને પાર્ટીમાં કેટલીક નારાજગી છે. કટિહાર સીટ પણ ભાજપે પોતાના ક્વોટમાંથી જેડીયુને આપી દીધી છે. જેના કારણે ત્યાંના સિનિયર નેતા અશોક અગ્રવાલ બળવો કરી રહ્યા છે. જો કે પાર્ટીની દરમિયાનગીરી બાદ તેઓ નામ પરત લેવામાં



બિહારની ૪૦ લોકસભા સીટ પર જો કોઈ પાર્ટીએ સૌથી વધારે બાંધછોડ કરી છે તો તે ભાજપ છે : ભાજપ આ વખતે ૧૭ સીટ લડશે

સફળ રહ્યા હતા. ભાજપમાં એક વર્ગના લોકો આ બાબતથી નારાજ છે કે પાર્ટીએ પોતાના સાથી પક્ષોને અપેક્ષા કરતા વધારે સીટ આપી દીધી છે. ટિકિટ વહેંચણી દરમિયાન એનડીએના સાથી પક્ષ જેડીયુ અને એલજેપીના રસ્તા પણ સરળ રહ્યા નથી. જેડીયુ ગઠબંધનને ૧૭ સીટો મળી તો ગઈ છે પરંતુ આ તમામ સીટો પર જીતી શકે તેવા ઉમેદવારને ઉતારવાની બાબત તેના માટે મુશ્કેલરૂપ બનેલી છે. કારણ કે પાર્ટીન એવી સીટો વધારે મળી હતી જે સીટ પર મોદી લહેર હોવા છતાં જીતી શકાઈ ન હતી. બીજી બાજુ પાર્ટીને કેટલીક એવી સીટો મળી નથી જ્યા પાર્ટીએ વધારે મહેનત કરી હતી. દાખલા તરીકે દરભંગા સીટ પર નીતિશ કુમારના નજીકના સાથી સંજય ઝાંએ થોડાક સમય પહેલા ચૂંટણી લડવાન જાહેરાત કરીને પોતાના ડેરા ત્યાંજ જમાવ્યા હતા. છેલ્લી ઘડીએ આ સીટ ભાજપના ખાતામાં જતી રહી છે. બીજ બાજુ પાર્ટીમાં કેટલાક નેતાઓએ પ્રથમ વખત પૈસા લઈને સીટો વહેંચવા માટેના આરોપો પણ કર્યા છે. ટિકિટની વહેંચણને લઈને કોંગ્રેસ પાર્ટી સામે પણ તકલીફ રહી છે. જ્યારથી પાર્ટીએ કોંગ્રેસના રાજ્ય પ્રભારી તરીકે શક્તિસિંહને બનાવ્યા છે ત્યાંથી બિહાર કોંગ્રેસમાં પણ ખેંચતાણ જારી છે. ત્યારથીી પાર્ટમાં જુના નેતાઓને જોડવા માટેની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આવી સ્થિતીમાં પાર્ટીના કેટલાક એવા નેતા પણ છે જે ટિકિટ ઉપરાંત પણ કેટલીક જવાબદારી મેળવી લેવાની આશા રાખે છે. પૂર્ણિયામાં ચૂંટણી પહેલા કોંગ્રેસ પાર્ટીમાં સામેલ થયેલા ઉદયસિંહને ટિકિટ મળી છે પરંતુ તેમની સામે પડકારો ઓછા નથી. બાહુબલી નેતા અનંત સિંહની પત્નિને પણ મુંગેરમાંથી ટિકિટ આપી દેવામાં આવી છે. કોંગ્રેસ પાર્ટીએ વર્ષો બાદ પ્રથમ વખત પોતાની વોટબેંકને મજબુત કરવાના પ્રયાસ કર્યા છે. સવર્ણ અને દલિત વોટબેંક સુધી પહોંચી જવા માટેના પ્રયાસ કોંગ્રેસ દ્વારા હાથ ધરવામાં આવ્યા છે. કોંગ્રેસ અને આરજેડીમાં વિવાદનો લાંબા સમય બાદ અંત આવ્યો હતો. આરજેડી પણ ઘરમાં ઉઠી રહેલા અવાજથી બચી શકી નથી. ગઠબંધન મજબુરીના કારણે આરજેડી આ વખતે ૧૯ સીટો પર લડી રહી છે. પાર્ટીના કેટલાક સિનિયર નેતા આને લઈને નારાજગી વ્યક્ત કરી ચુક્યા છે. આવી સ્થિતીમાં ત્રણેય પાર્ટી સામે હાલમાં તકલીફ છે.

ઉંચાહીલથી અનેક પ્રકારની પિડા વધવાનો ગંભીર ખતરો છે...

અમને હીલ નહીં આરામ જોઈએ છે

આધુનિક સમયમાં હીલની યુવતિઓમાં બોલબાલા છે. આને સમૃદ્ધિના પ્રતિક તરીકે પણ ગણવામાં આવે છે. જાણકાર લોકો કહે છે કે ફેશન તરીકે હીલનો પ્રયોગ સૌથી પહેલા ૧૬મી શતાબ્દીમાં ફ્રાન્સની રાણી દ્વારા કરવામાંમ આવ્યો હતો. એમ કહેવામાં આવે છે કે રાણીની લંબાઈ ઓછી હતી. રાણીએ પોતાના પ્રેમીને પ્રભાવિત કરવા માટે હાઈ હીલનો ઉપયોગ કરવા લાગી હતી. તેમના પ્રેમી આગળ ચાલીને ફ્રાન્સના રાજા બન્યા હતા. તેમનુ નામ હેનરી દ્વિતિય બન્યા હતા. હેનરીને પ્રભાવિત કરવા માટે રાણીએ બે ઈંચ ઉંચા હીલ પહેરવા માટેની શરૂઆત કરી હતી. ત્યારબાદથી આની શરૂઆત થઈ હતી. હીલ યુવતિઓમાં લોકપ્રિય બનવાની શરૂઆત થઈ હતી. આજે હીલ પહેરનાર યુવતિને આધુનિક તરીકે ગણવામા આવે છે. તે સમૃદ્ધ ગણવામાં આવે છે. વર્ષ ૧૭૭૦માં બ્રિટીશ સંસદમાં એક કાનુન લવાયુ જેમાં હીલના પ્રયોગ પર ત્યાંજ દંડન જોગવાઈ કરવામાં આવી હતી. દે જાદુ અને તંત્ર મંત્ર માટે સજાની જોગવાઈ હતી તે જોગવાઈ આના માટે લાગુ કરવામાં આવી હતી. ૧૮૧૦માં થોડાક સમય સુધી બ્રેક પર રહ્યા બાદ હીલની ફરી વાપસી થઈ હતી. વર્ષ ૧૮૫૦માં સિલાઈ મશીનની શરૂઆત થયા બાદ તેનુ ઉત્પાદન અનેક ગણુ વધી ગયુ હતુ. આજે કેટલીક જગ્યાએ હીલ પસંદગી નહીં બલ્કે મજબુરી બની ગઈ છે. જે મહિલાઓ આજે હીલ પહેરતી નથી તેમને પ્રોફેશનલ તરીકે પ્રભાવી ગણવામાં આવતી નથી. જો કે આજે પણ દરેક મહિલાને હીલ પસંદ નથી. જેથી આવી સ્થિતીમાં હીલ માટે કોઈના પર દબાણ લાવવાની બાબત યોગ્ય નથી. જાપાનમાં તો કેટલીક મહિલા કુ ટુ નામથી આંદોલન ચલાવે છે. જે ઉંચા હીલની સામે છે. પ્રોફેશનલ મહિલાઓને ત્યાં હિલ્સ પહેરવાની બાબત ફરજિયાત છે. ભારત સહિત કેટલાક દેશોમાં કોર્પોરેટ જગતમાં આ પરંપરાનુ પાલન થાય છે. આ પ્રથાનો વિરોધ કરી રહેલી જાપાની



ફેશન તરીકે હીલનો પ્રયોગ પ્રથમ વખત ૧૬મી શતાબ્દીમાં ફ્રાન્સમાં મહારાણી દ્વારા કરવામાં આવ્યો : હીલ હવે સમૃદ્ધિ સાથે સંબંધ ધરાવે છે

મહિલાઓનુ માનવુ છે કે પગને મોટા થતા બચાવવા માટે બાળકોના પગ બાંધી દેવાની પરંપરા છે. જાપાનમાં આ મહિલાઓ વિરોધ પ્રદર્શન કરીને હાઇ હિલ્સનો વિરોધ કરે છે. તેઓ મહિલાની સામે હિલને લઈને ઝુંબેશ ચલાવી રહી છે. હીલના ખરાબ પ્રભાવને ધ્યાનમાં લઈને બે વર્ષ પહેલા કેનેડામાં નોકરીના સ્થળ પર હીલને ફરજિયાત કરવાની સામે પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો હતો. જાણકાર નિષ્ણાંત કહે છે કે માનવીના પગ એ રીતે બનેલા છે કે હીલ પહેરવા માટે આર્ક ન બનવાના કારણે પગને મદદ મળતી નથી. લાંબા સમય સુધી હીલ પહેરવાની સ્થિતીમાં પગ, પીઠમાં દુખાવો થઈ શકે છે. આધુનિક યુગમાં યુવતિઓ પોતાને મોડર્ન તરીકે રજુ કરવા માટે હાઈ હીલવાળા સુઝ અથવા તો સેન્ડલ પહેરવાનું પસંદ કરે છે. પરંતુ યુવતિઓને હવે સાવધાન થઈ જવાની અને નવા અભ્યાસની નોંધ લેવાની જરૂર છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક અભ્યાસમાં જાણવા મળ્યુ છે કે, ઉંચા હીલવાળા સેન્ડલ પહેરવાથી ફેશનમાં ચોક્કસપણે વધારો થાય છે. પરંતુ સંશોધનમા જણાવવામાં આવ્યું છે કે સાંધાના દુ:ખાવો પણ હાઈહિલના કારણે વધવાનો ખતરો રહે છે. લંડનમાં કરવામાં આવેલા અભ્યાસમાં દરરોજ હાઈહિલ પહેરનાર મહિલાઓના મત લેવામાં આવ્યા હતા. જેમાં જાણવા મળ્યું કે હાઈહિલ પહેરનાર યુવતિઓ અને મહિલાઓની સાંધામાં દુ:ખાવાની ફરિયાદ વધારે રહી છે. હાઈહિલ બોડી ઉપર સીધી અશર કરે છે. આના લીધે પગ, ઘુઠણ અને અન્ય જોઈન્ટ પર દબાણ આવે છે. બ્રિટનના જાણીતા અખબાર ડેઈલી ટેલીગ્રાફે જણાયુ છે કે, એક વખતે સાંધાના દુ:ખાવાની ફરિયાદ શરૂ થઈ ગયા બાદ આ ફરિયાદ સતત વધે છે. ૨ હજાર લોકોને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસમાં જાણવા મળ્યુ છે સાંધામાં દુ:ખાવાની ફરિયાદ મોટા ભાગે વય વધતાની સાથે જોવા મળે છે. પરંતુ હાઈહિલ પહેરનાર યુવતિઓ અથવા મહિલાઓમાં નાની વયમાં પણ આ ફરિયાદ જોવા મળી છે. અભ્યાસમાં ૨૨ ટકા લોકોએ એવો મદ વ્યક્તિ કર્યો છે કે, સાંધામાં દુ:ખાવા વય વધતાની સાથે સાથે ચોક્કસપણે થાય છે. ૩૬ ટકા લોકોએ કહ્યું હતું કે, તેઓ આ પ્રકારની સ્થિતિથી વધારે વાકેફ નથી. સાંધાના દુ:ખાવા સાથે સંબંધિત નિષ્ણાંત પ્રોફેસર એન્થોની રેડમન્ડે કહ્યું છે કે, હિલના શૂઝ અથવા તો સેન્ડલ નુકસાનકારક સાબીત થઈ શકે છે. યોગ્ય ફુટવેરની પસંદગી પગ ઉપર આવતા દબાણને ઘટાડવામાં ઉપયોગી સાબીત થાય છે. જોઈન્ટ ઉપર પણ દબાણને ઘટાડે છે. દરરોજની પ્રવૃતિના લીધે હાઈહિલ પહેરવાની સ્થિતિમાં પગ ઉપર અને જોઈન્ટ ઉપર દબાણ આવે છે. યોગ્ય ફુટવેર કોઈપણ પ્રકારની ઈજા અથવા તો સાંધાને નુકસાનના ખતરાને ઘટાડે છે. એક ઈંચથી વધારે હીલ અયોગ્ય છે.

ફાયદો શુ છે : બ્લડપ્રેશરને કાબુમાં પણ રાખવામાં પણ ભૂમિકા છે...

કેળા ઘણી ગંભીર બિમારી ટાળે છે

કોઈ પણ પ્રકારની બિમારીમાં તબીબો મોટા ભાગે ફળફળાદીનો વધારે પ્રમાણમાં ઉપયોગ કરવાની સલાહ આપે છે. ફળફળાદીમાં શરીર માટે જરૂરી તમામ પ્રકારના પૌષક તત્વો રહેલા હોય છે જે શરીરને ફિટ અને સ્લીમ રાખવામાં ઉપયોગી સાબિત થાય છે. કેળા પણ આવી જ રીતે ઉપયોગી સાબિત થાય છે. નિયમિત રીતે કેળાનો ઉપયોગ કરનાર લોકોમાં કેટલીક બિમારીનો ખતરો પહેલાથી જ ઘટી જાય છે. ખાસ કરીને સ્ટ્રોકનો ખતરો બિલકુલ ઓછો થઈ જાય છે. હાલમાં જ અમેરિકા અને ઈટાલિયન સંશોધકોએ નવા અભ્યાસમાં જણાવ્યું છે કે દરરોજ કેળા ખાનાર લોકોમાં સ્ટ્રોકનો ખતરો ખૂબ જ ઘટી જાય છે. આ અભ્યાસના તારણો રજુ કરતીવેળા ઘણા તારણો પણ આપવામાં આવ્યા છે. કેળામાં ઘણા એવા પોષક તત્વો રહેલા છે જે સ્ટ્રોકના ખતરાને ઘટાડવામાં ચાવીરૂપ ભુમિકા ભજવે છે. બ્રિટીશ અને ઈટાલિયન સંશોધકોએ અભ્યાસના તારણો રજૂ કરતીવેળા જણાવ્યું છે કે દિવસમાં ત્રણ કેળા ખાવાથી ખૂબ જ ફાયદો થાય છે. આનાથી સ્ટ્રોકનો ખતરો અને અન્ય રોગની તકો પણ ઘટી જાય છે. અભ્યાસમાં જણાવ્યું છે કે બ્રેકફાસ્ટમાં એક, બપોરે જમતી વેળા એક, અને સાંજે પણ એક કેળુ ખાવાથી પુરતા પ્રમાણમાં પોટેશિયમ મળે છે. જે બ્રેનમાં લોહીના જથ્થાની

સરેરાશ કેળામાં ૫૦૦ મિલીગ્રામ પોટેશિયમ હોય છે : કેળામાં ફ્લુઈડના સંતુલનને પણ કાબુમાં રાખવામાં ચાવીરૂપ ભૂમિકા હોય છે

તકોને ઘટાડી દે છે. આ તકોને પોટેશિયમ ૨૧ ટકા સુધી ઘટાડી દે છે. તારણમાં જણાવવામાં આવ્યું છે કે અન્ય પોટેશિયમ ધરાવતી ચીજ વસ્તુઓ ખાવાથી સ્ટ્રોકના ખતરાને અભૂતપૂર્વ રીતે ઘટાડી શકાય છે. દૂધ, ફીશ અને અન્ય ચીજ વસ્તુઓમાં મોટા પ્રમાણમાં પોટેશિયમ છે. કેટલાક અગાઉના અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે કેળા બ્લડપ્રેશરને કંટ્રોલ કરવામાં અને સ્ટ્રોકને રોકવામાં મદદરૂપ થાય છે. પરિણામો ખૂબ જ સારા મળ્યા છે. નવેસરના અભ્યાસમાં વૈજ્ઞાનિકોએ ઘણી એવી બાબતો રજુ કરી છે. જે પ્રથમ વખત સપાટી ઉપર આવી છે. વૈજ્ઞાનિકોએ જુદા જુદા ૧૧ અભ્યાસમાંથી ડેટા લઈ લીધા હતા. છેક ૬૦ના દશકના આંકડા પણ ધ્યાનમાં લેવામાં આવ્યા હતા. એકંદરે પરિણામ કરતીવેળા તમામ અભ્યાસના તારણો પણ ધ્યાનમાં લેવાયા હતા. આમા જાણવા મળ્યું કે ૧૬૦૦ એનજીની આસપાસ દરરોજ પોટેશિયમનો ઉપયોગ કરવાથી ઘણો ફાયદો મળે છે. આનાથી સ્ટ્રોકનો હુમલો ઘટી જાય છે. સરેરાશ કેળામાં ૫૦૦ મિલિગ્રામ પોટેશિયમનું પ્રમાણ હયો છે. જે બ્લડપ્રેસરને ઘટાડવામાં મદદરૂપ થાય છે. સાથે સાથે શરીરમાં ફ્લુઈડના સંતુલનને નિયંત્રણમાં રાખે છે. ખૂબ ઓછા પ્રમાણમાં પોટેશિયમ હૃદયના ધબકારાને અનિયમિત બનાવવામાં ભુમિકા ભજવી શકે છે. આનાથી ડાયરિયા થવાનો ખતરો પણ રહે છે. યુનિવર્સિટી ઓફ વાર્વિક અને યુનિવર્સિટી ઓફ નેપલ્સના સંશોધકોએ કહ્યું છે કે પોટેશિયમનો જથ્થો મોટાભાગના દેશમાં દરરોજ જેટલી ભલામણ કરવામાં આવી છે તેનાથી ઓછા પ્રમાણમાં લેવામાં આવે છે. પરંતુ જો લોકો વધુ પ્રમાણમાં પોટેશિયમની ચીજ વસ્તુઓ લેશે તો તેમાં ફાયદો છે. આનાથી સ્ટ્રોકના ગાળાને થતા મોતના આંકડાને ઘટાડી શકે છે. કેટલાક જાણકાર લોકો એમ પણ કહે છે કે તેમાં પુરતા પ્રમાણમાં કેલ્શિયમનુ પ્રમાણ રહે છે. જે હાડકાને મજબુત કરવામાં પણ ઉપયોગી સાબિત થાય છે. કેળામાં તમામ પ્રકારના પૌષક તત્વો રહેલા છે. દરરોજ ત્રણ કેળાનો ઉપયોગ ફાયદાકારક છે. કેળાના ઉપયોગ મામલે નિષ્ણાંતો સહમત છે.

ADVAIT FOOD

Home Tiffin Service

- જૈન ટિફિન મળશે.
- ઘર નું શુધ્ધ અને સાત્વિક ટીફીન મળશે.
- સીઝનલ આઇટમ જેવીકે ચીકી, શીયાળુ મીઠાઇ ઓર્ડર થી બનાવી આપવામાં આવશે.
- ડ્રાય ફરસાણ ઓર્ડર થી બનાવી આપવામાં આવશે.
- પાર્ટી ઓર્ડર સ્વીકાર્ય (૫૦ થી ૭૦ માણસ સુધી)
- હોમ ડિલિવરી સર્વિસ ચાલુ છે.

Free Home Deliver

Tiffin Rs.80/-

Mo. 8160275876 / 9426387071

---

the next big thing

URMI

INVESTMENT CONSULTANCY
CREATING WEALTH SINCE 1999

અનેક નહી એક INDIA, INVESTMENT AND I

#Sapno_ se_Haqeeqat_Tak

2200 दिन मे. .

મ્યુચ્યુઅલ ફંડ સહી હૈ ? પરંતુ
શું આપનો Portfolio સહી હૈ ?
SWACHH PORTFOLIO ABHIYAN

સમૃદ્ધ = ભારત

૨૦૨૫ ને ધ્યાનમાં રાખીને આપના PORTFOLIO ને સ્વચ્છ કરાવો.

- નવા PAN કાર્ડ • URGENT PAN કાર્ડ
- PAN કાર્ડમાં સુધારો • 15 વર્ષના અનુભવી

B.Com. Computer જાણકાર જોઈએ છે.
F.Y., S.Y., T.Y. વાળા પણ સંપર્ક કરી શકે છે.

વીલ બનાવવા માટે સંપર્ક કરો.
CUSTOMER CARE : 8200434554

વધુ માહીતી માટે સંપર્ક કરો.
સરનામું : ૨૪-૨૫, પહેલો માળ, અમરદિપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, સ્ટેશન રોડ, ભરૂચ.
ફોન : (૦૨૬૪૨) ૨૪૨૫૨૫, ૨૬૭૭૭૮

॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ જય સીતારામ ॥ ॥ શ્રી આશાપુરી માતાય નમઃ ॥

જય જગન્નાથ એગ્રોટેક

૬, કિશ્ના કોમ્પ્લેક્ષ, માર્કેટ યાર્ડ સામે, હાઈવે રોડ, બાવળા. જિ. અમદાવાદ.
કનુભાઈ એસ. પ્રજાપતિ
Web : jayjagannathagrotech.com
Email : jayjagannathagro@gmail.com
9714 115 115 મો. 94273 60548, 91572 30464

ખેતીને લગતા ટ્રેક્ટર સંચાલિત આધુનિક-વૈજ્ઞાનિક સાધનોના ડીલર

ટોકરી મોડલ ૪૦ એચ.પી. ટ્રેક્ટર
પંજાબનું (હેવી) સબસીડીપાત્ર **ઓટોમેટિક થ્રેશર**
ઘઉં-ચણાનું (ડાલા, તુવેર, સોયાબીન, જુવાર, બાજરો, ચણા - ૨૭ જાતના પાક)

સ્પે. મગફળી થ્રેશર સબસીડીપાત્ર (વીણી-તજ મગફળીનું થ્રેશર)

મગફળી ડિગર સબસીડીપાત્ર મગફળી ઉખાડવાનું

ટ્રોલી
ટ્રેક્ટર કંબાઈન્ડ થ્રેશર/હાર્વેસ્ટર સબસીડીપાત્ર ૯ ફૂટ કટર

હાર્વેસ્ટર (ભીની તથા મોકું) (સ્વરાજ તથા અન્ય પંજાબના કોઇપણ હાર્વેસ્ટર) સબસીડીપાત્ર ૫૨-૧૨-૧૪ ફૂટ કટર

ચારણો કરતું
લસણ/ડુંગળીનું કટર ટ્રેક્ટર - ઈલેક્ટ્રીક મોટર સંચાલિત (જાનું/મોકું)

ડીલર
મહિન્દ્રા રોટાવેટર (હેવી) સબસીડીપાત્ર ૫- ૫.૫-૬ ફૂટ

ડીલર
કોમ્પ્યુટર પાવડો લેઝર લેવલર (સિંગલ - ડબલ ટાયર) ઓરીજીનલ જર્મની - ઇટાલી સબસીડીપાત્ર

૨, ૩, ૩.૫ ફૂટ
